# શ્રી શત્રુંજય – મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

માસ્ટર ઑફ જૈનિઝમ્ પ્રથમ વર્ષ – ૧

જુન 2025
પ્રથમ સત્ર
ગુણાંક ૫૦

## પ્રશ્ન પત્ર

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) ખોટા એનરોલમેન્ટ નંબર તથા ન સમજાય એવા એનરોલમેન્ટ નંબર માટે ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૬) સમયસર તા. ૨૫ ઓક્ટોબર સુધી પેપર નહી મળે તો બીજા ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૭) નિબંધના માર્કસ્ ગ્રેડ પ્રમાણે આપવામાં આવશે (૮) જવાબ પત્ર, નિબંધમાં નામ, એનરોલમેન્ટ નંબર, વર્ષ અને સત્ર લખવુ જરુરી છે. (૯) જવાબ તત્વાર્થ સૂત્રના અભ્યાસ પુસ્તકના પાના નં. ૧ થી ૮૩ સુધીના બે અધ્યાયમાંથી લખવાનો છે.

**પ્રશ્ન –૧ ખાલી જગ્યા પુરો** ૨૫

૧. ચરમદેહિ વ્યક્તિને નિયમા .................... આયુષ્ય હોય છે.
૨. મન અને ઇન્દ્રિયોની સહાયતાથી શબ્દ–અર્થ (શાસ્ત્ર) નો થો બોધ ......................... છે.
૩. સમ્યગ્ દર્શન એ આત્માનો ગુણ છે અને ......................... માં એની વિદ્યમાનતા છે.
૪. કર્મ અને કષાયનો અભાવ થાય એવો પુરુષાર્થ કરવો તેજ .......................... છે.
૫. અનુભવથી ઉત્પન્ન થતી મતિ તે ......................... મતિજ્ઞાન છે.
૬. ચોથી નારકીનું જઘન્ય અવધિજ્ઞાન ......................... ગાઉ છે.
૭. ભાવવેદ તે ........................... કર્મના ઉદયનું ફળ છે.
૮. દેવ, નારકી અને એકેન્દ્રિયની યોનિ ......................... હોય છે.
૯. દર્શન મોહનીય કર્મના ક્ષયથી ........................પ્રગટ થાય છે.
૧૦. નિશ્ચય વિષય કે વસ્તુના સંસ્કાર તે .................... છે.
૧૧. આવતા કર્મોને અટકાવનાર બાહય ક્રિયા તે ....................... છે.
૧૨. મન પ્રસન્ન થવાથી....................... ની પ્રાપ્તિ થાય છે.
૧૩. ......................... ગતિ એટલે વળાંકવાળી ગતિ.
૧૪. ........................ ભાવના એકવીસ ભેદ છે.
૧૫. જ્યાં સુધિ તીવ્ર રાગ, દ્વેષની ગાંઠ છે ત્યાસુધિ પ્રથમ .................. છે.
૧૬. વેદનીય, આયુ, નામ અને ગોત્ર કર્મના ઉદયથી .................... પ્રાપ્ત થાય છે.
૧૭. પુણ્યાનુબંધી પુણ્યનો અનુબંધ થાય તેવી રીતે નિશ્ચય કાર્ય કરવા ને .............................. છે.
૧૮. શબ્દના આધારે થતી અર્થની વિચારણા તે ........................... છે.
૧૯. ચક્ષુવિના અન્ય ઇન્દ્રિયો અને મન દ્વારા થતો સામાન્ય બોધ તે ........................ છે.
૨૦. અલ્પ પરિમાણ માં અધિક પુદ્ગલોનો સમાવેશ તે ........................ છે.
૨૧. ઋજુ ગતિનું બીજું નામ ..................... છે.
૨૨. જે જીવોને ત્રસ નામકર્મનો ઉદય છે તે ......................... જીવો છે.
૨૩. જ્યારે વ્યક્તિ રસોઇ કરે ત્યારે જ તે રસોઇયો એમ....................... નય માને છે.
૨૪. જે શ્રુતજ્ઞાનનો અંત થાય તે ......................... શ્રુતજ્ઞાન છે.
૨૫. ..........................એજ શ્રેષ્ઠ ઉપદેશ છે.

**પ્રશ્ન–૨ એક જ શબ્દમાં જવાબ આપો.** ૨૫

૧. આત્માનો બોધરૂપ વ્યાપર એટલે શું ?
૨. મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન તે શું છે ?
૩. અપૌદ્ગલિક – શુદ્ધ સમ્યકત્વ કયું છે ?
૪. તીર્થનું પ્રવર્તન એ કયા કર્મનું ફળ છે ?
૫. ઉત્કૃષ્ટ થી ઉર્ધ્વદિશામાં સૌધર્મ દેવલોકસુધીનું અવધિજ્ઞાન કયા દેવોને હોય છે ?
૬. કેવી બુદ્ધિથી ઉપદેશ આપનારને અવશ્ય લાભ જ થાય છે ?
૭. ભુતકાળમાં જોયેલી કે અનુભવેલી વસ્તુ કે વાતનું સ્મરણ તે શું છે ?
૮. આઠ કર્મોમાંથી ઉપશમ કયા કર્મનો થાય છે ?

૯. કયું શરીર ઉપભોગ રહિત છે ?
૧૦. તિર્યંચોના અવધિજ્ઞાન ની ક્ષેત્રથી ઉત્કૃષ્ટ મર્યાદા કેટલી ?
૧૧. અજીવ તત્વમાં રૂપિ દ્રવ્ય કયું છે ?
૧૨. અઢી દ્વીપમાં રહેલા પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનના ભાવોને કોણ જાણી શકે ?
૧૩. આકડાના દુધ જેવા કયા જીવો છે ?
૧૪. ભ. મહાવીરસ્વામીનો વંશ કયો હતો ?
૧૫. આત્માના અનંત ગુણમાં લીનતા કે મગ્નતા શું છે ?
૧૬. વસ્તુના ભેદ કે પ્રકારોની જાણકારી તે શું છે ?
૧૭. પ્રત્યાખ્યાનાવરણીય કર્મના કષાયના ક્ષયોપશમથી શું પ્રગટ થાય છે ?
૧૮. શબ્દ સાંભળી અથવા વાંચીને હૃદયમાં થતો અર્થબોધ શું છે ?
૧૯. નિર્જરાથી આત્માની કઇ અવસ્થાની આંશિક હાની થાય છે ?
૨૦. સંસારથી છુટવાની અદમ્ય ઇચ્છા અથવા સંસારથી ઉદ્વેગને શું કહેવાય ?
૨૧. ઇન્દ્રિયોને પ્રાપ્ત વિષય પદાર્થનો નિર્ણય થવો તે શું કહેવાય ?
૨૨. આપણો સ્વાભાવિક ભાવ કયો છે ?
૨૩. જીવ કે પુદ્ગલની સ્વાભાવિક ગતિ કેવી છે ?
૨૪. અંતરાળ ગતિમાં જીવ વધુમાં વધુ કેટલા સમય માટે અણાહારી હોય છે ?
૨૫. કયા સમ્યક્ત્વવાળા જીવો સહુી અલ્પ હોય છે ?

**પ્રશ્ન–૩ વિવિધ ગ્રંથોની સહાયતા સાથે તમારા શબ્દોમાં ૧૫ થી ૧૭ ફુલસ્કેપ પાનાનો મહાનિબંધ લખો (કોઈ પણ એક)**

૧. **છ અને આઠ દ્વારોથી સમ્યગદર્શન વિચારણા –** (સમ્યગદર્શન, સ્વરૂપ, મહત્વ, પ્રકાર, ૬ દ્વારથી વિચારણા, ૮ દ્વારથી વિચારણા)
૨. **ઉપયોગની વિવિધતા –** (જીવ નું લક્ષણ, જીવતત્વ સ્વરૂપ, ઉપયોગ એટલે શું ? એના પ્રકાર, એની વિવિધતા.)
૩. **પરલોક પ્રવાસ –** (પરલોક – આલોક એટલે શું ? પરલોકમાં કયું શરીર આત્માસાથે જાય ? શરીર પ્રકાર – કાર્ય, પરલોકમાં જવાની બે રીત, આયુષ્ય કર્મ, બે પ્રકારે આયુષ્ય સાથે શું શું બાંધે, વિગ્રહગતિ, જન્મ. મૃત્યુથી જન્મ સુધીની સફર.)

એમ.જે. પાર્ટ –૧ કેન્દ્રિય પરીક્ષા પ્રશ્ન–પત્ર કેવો હશે ?

| | |
|---|---|
| પ્રશ્ન ૧ – ખાલી જગ્યા પૂરો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૨ – એક શબ્દમાં જવાબ લખો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૩ – નીચેના વાક્યો સાચા કે ખોટા જણાવો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૪ – જોડકાં જોડો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૫ – એક વાક્યમાં વાખ્યા લખો | ગુણાંક ૨૦ |
| કુલ | ૧૦૦ |

**નિંબધ માટે નીચે મુજબ ગ્રેડિંગ રહેશે.**

૧) ૪૦ માર્કસ્‌ની ઉપર – એ+ ૨) ૩૫ માર્કસ્‌ની ઉપર – એ ૩) ૩૦ માર્કસ્‌ની ઉપર – બી+
૪) ૨૫ માર્કસ્‌ની ઉપર – બી ૫) ૨૦ માર્કસ્‌ થી ઓછા – સી

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેકટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ – ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com